સાલ : ૭ / સિલસિલાવાર નંબર : ૭૩ / શુમારો : ૧

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ



مِشْكوٰة الهادي
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ મોહર્રમ ૧૪૩૧ હિ., ૧૭-૧૨-૨૦૦૯

# -::: ઈમામે હક્ક, અસ્હાબે જન્નત અને દુનિયાપરસ્તો :::-

સૈયેદુશ શોહદા મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) કલેમએ હક્ક છે અને ઈમામે હક્ક છે. આપની ઈમામત, આપના નાનાજી મોહંમદુલ મુસ્તફાની ઝબાનીથી મુકર્રર અને સાબિત થઈ. સાહબે રિસાલતે આપની જ ઝિંદગીમાં વસાયતનાં દરજાને તય કીધા બાદ, અકીદતમંદ મુમેનીન વાસ્તે ઈમામતના શમ્સો કમરની રાહ પણ ઉસ્તવાર કરી આપી. ઈમામ હુસૈન (અ.સ.) શજરતે તૈયેબાહ મુબારકા છે, પાકીઝા દરખ્તને મુજબ છે. અલ્લાહતઆલાએ તૈયેબ અને ખબીસને દુનિયામાં અલગ કીધા અને ખબીસ લોગોને શજરતે ખબીસાહ (નાપાક નસલ) નું નામ આપું જેઓ બનુ ઊમય્યાહ અને બનુલ અબ્બાસ છે. હર નબી અને સાહબે મકામ લોગોમાંથી હક્ક અને બાતિલની તફરીક કરનાર છે. **હક્કના લોગો શજરતે તૈયેબાહ છે અને બાતિલના ફસાદદાર લોગો શજરતે ખબીસાહ છે.** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), ઉમ્મત વાસ્તે હક્ક બનીને આવા, જહાનમાં દાઅવતે હક્ક લાવા અને બાતિલને માઁજી નાખો. ઈમામ હુસૈન (અ.સ.) નાના ફરઝંદ છે પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપની ઈમામતના કાઈલ થાય છે, હુસૈનની માઅરેફત કરાવે છે. આપની પૈશાની, આઁખ, હુલકૂમ અને ઝબાનનો બોસો દે, ચૂમે છે કેમકે, આપ નબી જાણે છે કે, આ હુસૈન મારા નવાસા હક્કના સાહબ થાશે. નબીયુલ્લાહની નઝરમાં બસારત (આઁખની રોશની)- બસીરત (દિલના આઁખની રોશની) બન્ને છે, હકીકતની પરખ છે, તેથી આપ જે વકત બાતિલના લોગોને જોઈ છે તો ફરમાવે છે કે, આ અબુ સુફીયાન, મોઆવીયાહ, યઝીદ-ત્રણે લઈનો જહન્નમના ટુકડા છે. અલ્લાહના નબી આપના ઝમાનના પણ નબી છે, પહેલા દૌરના નબી હતા અને આજના દૌરના પણ નબી છે. ફકત કાલિબ અને ગિલાફ બદલાય છે. આપ અસ્હાબને ફરમાવે છે કે, કોઈ છે જે આ ત્રણ જહન્નમના ટુકડાને કત્લ કરે ! પણ કોઈ ગયું નહી. આપે મોઆવીયાહ લઈનને જોઈને લોગોને ફરમાવું કે, **અય લોગો ! મારા ઇન્તેકાલ બાદ આ મારા મિમ્બરે શરીફ પર બનુ ઊમય્યાહનો વાંદરો કુદશે.** એ વાંદરો મોઆવીયાહ હતો જે રસૂલેખુદા (સ.અ.વ.વ.) એ ખ્વાબમાં જોયું. હકીકત તો એ છે કે, વાંદરાનો બાપ અને વાંદરાનો છોકરો પણ વાંદરો જ હોય છે.

**હમારા મૌલા સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની બાબરકત દોઆઓના સબબ હમારા કારેઈન મુમેનીન વાસ્તે, અય અલ્લાહતઆલા, તું ૧૪૩૧ હિ.નું સાલે જદીદ બરકાતે હુસૈનીયાહના તુફૈલથી મુબારક કરજે, ખુશહાલી અને સુકૂન બખ્શનાર કરજે.**

એક વકત તો ઈમામ હુસૈન (અ.સ.), અબ્દુલ્લાહ બિન જાઅફર (રિ.અ.) સાથે મોઆવીયાહની મજલિસમાં જમા થઈ ગયા અને જે વકત આપ બેવે નીકલા તો અબ્દુલ્લાહે કહ્યું કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના શેહઝાદા, મને યઝીદથી એક કામ છે. જો આપને કોઈ એતેરાઝ ન હોય તો સાથે પધારીએ. ઈમામ બોલા કે, ઝરૂર જઈએ ! બેવે સાહબો યઝીદને નઝદીક આવા અને એને શરાબખ્વારીમાં લથપથ જોયો અને એક ગાયક તંબૂરો વગાડીને ગાયન ગાતો હતો. કહેવાય છે કે યઝીદ, **આલમે ઇસ્લામમાં પહેલો હતો કે, જેએ સંગીત-ગીત સાથે શરાબખ્વારી શરૂ કીધી. આ કિસ્સો ઘણો દરાઝ છે.**

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**દુનિયાની કડવાશ, આખેરતની મીઠાશ છે અને આખેરતની કડવાશ દુનિયાની મીઠાશ છે.**

*(પેજ નં. ૧નું બાકી)* ***ઈમામે હક્ક.....***

હાસિલે કલામ યઝીદ, ફાસિક-ફાજિર અને બાતિલ હતો. મોઆવીયાહ હલાક થયો અને યઝીદ લઈન તખ્તે શામી પર બેસો કે, એની નઝર મદીનામાં અમનો અમાનથી રહેતા ઈમામ હુસૈન (અ.સ.) અને આપના અહલે બૈત (અ.સ.) પર પડી. હક્કના લોગો જે જગા પર પોતાના અમનો અમાન ના દાએરામાં અને કારે દાઅવતે હિદાયતમાં રચાપચા હોય પણ તાકતે બાતિલને **એનો વુજૂદ અને હસ્તી જ દિલમાં ખૂંચે છે.** યઝીદના ફસાદના સબબ ઈમામે અહલો અયાલ સાથે મદીના છોડું, મક્કામાં હજ્જના ઈરાદા થી પધારા, ત્યાં આપ ખુફીયા તૌરથી રહ્યા, લાખો લોગોને બયતુલ્લાહમાં અમાન હતું પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના શેહઝાદાને અમાન ન હતું. હરમે આમિનના મરકઝ-ઝમાનાના ઈમામ પર તલવારો તોલાઈ રહી હતી. ઈમામતના અમીનને મક્કા-બલદે અમીનમાં રહેવું નાગવાર થાવા લાગું. લોગો હજ્જ પઢવા અમીનને નઝદીક અમનની જગામાં આવે છે અને યહાઁ અમીન (ઈમામ) જ અમનની તલાશમાં હરમે અમિનને છોડીને, ખૌફઝદા થઈને, હજ્જ કીધા બગૈર મક્કામાંથી નીકલી જાય છે. ઈમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે કે, મને રસૂલુલ્લાહ મારા નાનાજીનો કૌલ રોકે છે કે આપે ફરમાવેલું કે, આ બયતુલ્લાહિલ હરામની હુરમતને મારા વાસ્તે કુરૈશનો એક શખ્સ હતક પહોંચાડશે. કસમ બખુદા ! હું એ જ શખ્સ ન થાઉં અને અલ્લાહતઆલા જે શખ્સ સાથે આ કામ કરાવનાર છે તે હું ન થાઉં આપ મસ્જિદુલ હરામના બાબ આગલ ગુઝરા અને ચંદ અશ્આર પઢીને વદાઅ થયા.

કૂફાથી લોગોના ખુતૂત આવા કે, અય નવાસએ રસૂલ (સ.અ.વ.વ.), મૌલાના અલીએ મુરતઝા (અ.સ.) ના આઁખોના તારા અને મૌ.ફાતેમા (અ.સ.) ના જિગર ગોશા, આપ કૂફા પધારીએ અને હમને હિદાયતની દાઅવત દઈ શરએ મોહંમદીના અરકાનને બલંદ કરીએ. કૂફાના બાઝ લોગો હક્કને પહેચાનનાર હતા, ઈમામ હુસૈન (અ.સ.) ના મરતબાની માઅરેફત કરનાર હતા. કૂફાનો આમિલ નોઅમાન બિન બશીર અલ-અન્સારીએ રસૂલુલ્લાહની આગૌશમાં હુસૈનને રમતા અને આરામ ફરમાવતા જોયા હતા. તેં ખુશ થઈને કહ્યું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દુખ્તરે નૈક અખ્તરના શાહઝાદા હમારા નઝદીક બજદલની દીકરીના દીકરા કરતા ઝિયાદહ મેહબૂબ છે. ઈમામ હુસૈન (અ.સ.) ની શાહી સવારી ઈરાકમાં ન જાય એની રોકથામને વાસ્તે યઝીદ લઈને ઊબૈદિલ્લાહ બિન ઝિયાદને કૂફાનો વાલી બનાવો અને હુસૈન (અ.સ.) ને ઈરાક જાતા પહેલા કોઈ પણ હીલાથી રોકવાનો હુકમ કીધો. રસ્તામાં ઈબ્ને ઝિયાદ લઈન તરફથી હુર બિન યઝીદ હુન્ઝલી રિયાહી નાનું લશ્કર લઈને આવા અને આપને કરબલા નઝદીક રોકા અને યઝીદ લઈનના ફરમાનથી ખબરદાર કીધા. એના નકશેકદમ પર ઉમુર બિન સઅદ મરદૂદ પણ ઈબ્ને ઝિયાદના હુકમથી મોટું લશ્કર લઈને આવો.

હક્કના સાહબ કોઈ વક્ત પહેલે વાર કરતા નથી. કોઈ પણ શખ્સ સિરાતે મુસ્તકીમ અને રાહે નજાતથી ભટકે છે, ગુમ્રાહ થાય છે તો આપ રાહે હિદાયતની દાઅવત દે છે, એને સમઝાવે છે અને એની આખેરતને કામિયાબ બનાવવા તદબીર કરે છે. હુર બિન યઝીદ હન્ઝલી, ઈમામ હુસૈન (અ.સ.) ના મરતબાથી ઓછા વાકિફ હતા. ઈમામે એના સાથે ખૂબ હુજ્જત અને બુરહાનો દલીલના કલેમાત ફરમાવા. **દર હકીકત, હક્કના ઇમામ અવ્વલીન અને આખરીન માંથી એમના માનનારને એનામાં રહેલી ઇમાનની બૂ થી પારખી લે છે અને એને નજાતના સફીનામાં બેસાડી દે છે.** ઈમામ હુસૈન (અ.સ.) ના કલામ અને નસીહતના અલ્ફાઝ, હુરના દિલ પર એવા અસરઅંગૈઝ થયા કે, એ યઝીદના ફરમાનની તૌકો સલાસિલને તોડીને, બે હાથ જોડીને, રસ્સીથી બાંધીને, હઝરતે હુસૈનીયાહમાં પૈશ થયા અને જહન્નમથી આઝાદ થઈ ગયા. ઈમામે હક્કે તે વક્ત ફરમાવું કે, **અય હુર, તમેં જેમ દુનિયામાં આઝાદ થયા તેમ આખેરતમાં પણ અઝાબથી આઝાદ થઇ ગયા.**

શાતિર, ફસાદદાર, બદ-તીનત અને બદ-અકીદાના લોગો કે, જેઓ અહલે બૈત (અ.સ.) નું સ્ટેન્ડ-મૌકિફ અને ઊસૂલે હક્કાનીયતથી વાકિફ નથી તેઓ ઈમામે આલી મકામ પર બોહતાન અને તોહમત કરે છે કે, ઈમામ હુસૈને (અ.સ.) મદીનાથી ખુદ સફરે ઈરાક ઈખ્તિયાર કીધી અને તેથી કરબલાનો માઅરકો દરપૈશ આવો. પણ આ બદબખ્તોને યઝીદ લઈનની બદ-દીની, અહલે બૈતે રસૂલની દુશ્મની અને ફિસ્કો ફુજૂર તરફ માઈલ યઝીદની નાપાકીઓની કોઈ

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**તકબ્બુરીથી મુમિન દૂર રહે એટલા વાસ્તે એના પર નમાઝને ફરઝ કરવામાં આવી છે.**

## -::: હજ્જ કેવી ? અરકાન સાથે યા તેના સિવાય :::-

હજ્જ, શરીઅતે ઈસ્લામનો છઠ્ઠો રૂકન છે કે જે હર ઈમાનદાર પર ઝિંદગીમાં એક વક્ત ફરઝો વાજિબ છે. આ ફરઝ સૈયેદુલ મુરસલીન મોહંમદ મુસ્તફા (સ.અ.વ.વ.) અને આપની ઉમ્મતે મુસ્લેમાહ પર લાઝિમ કરવામાં આવો છે. જેમ આપ, બીજા અંબિયાએ સાદાતે કિરામના સરદાર છે, તેમ ઈસ્માઈલી તૈયેબી અકીદામાં શરીઅતના તમામ અરકાનોમાં આ રૂકન, છાતીને બરાબર છે. સબબ કે, આ રૂકનની ચુસ્તપણા અને પાબંદીથી અદાયેગી કરવામાં તમામ બીજા દઆઈમુલ ઈસ્લામમાં મઝબૂતી આવી જાય છે. હજ્જ, ઈસ્તેતાઅતવાલા-તાકતવાલા શખ્સ પર વાજિબ છે, જે મુજબ કુરઆને કરીમમાં અલ્લાહતઆલા તરફથી શરતો આવેલી છે. **આ રૂકન અદા કરવામાં મુમિન પર જેટલી તકલીફ-મહેનત છે એટલો એનો અજરો સવાબ પણ અલ્લાહતઆલાએ આપેલો છે.** જો કૂવત-ઈસ્તેતાઅત હોય અને હજ્જ અદા કરવામાં કોઈ હલકાશ લાવે યા એની એહમીયતને નઝરઅંદાઝ કરે તો એ ઐન સાહબે શરીઅતની નાફરમાની છે. નબીયુલ્લાહની હિદાયતથી મૂઁહને ફેરવવું છે. અલ્લાહતઆલા તરફથી જે ઈસ્તેતાઅતનો લફઝ આવેલો છે એમાં ઘણી શરતો છે : સફરે હજ્જને દૌરાન પોતાનો ખર્ચ, પોતાના વતનમાં અહલો અયાલનો ખર્ચ અને સલામતી, રસ્તા અને સફરની સહેલાઈ, જિસ્માની સેહત, સલતનત અને હુકૂમત તરફથી સુહૂલત, પોતાની ગૈર-હાઝરીમાં એની તિજારત અને વેપારની બરકરારી. આ તમામથી ઝિયાદહ અહમ અને તાકીદની બિના હજ્જના તમામ આઅમાલ, અરકાન અને મનાસિકની અદાયેગીનું કુલ્લી તૌર પર ઈલ્મ અને એના બજા લાવવામાં જિસ્માની તાકત-સુલાહીયત અને અલ્લાહ પર તવક્કુલ. અગર હાજી એહરામના કપડા પહેરવાની પહેલી રસમથી લઈને હજ્જે બયતુલ્લાહના વદાઅના તવાફ તક તમામ અહકામ અને ફરમાનોની હક્કાનીયત, સદાકત અને વાજિબ થાવાને ન માને, એમાં ફેરફાર કરે, ઢીલાશ રાખે, તો હાજીએ અલ્લાહતઆલાના ફરીઝતમાં ખયાનત કીધી.

હર વરસ અપની જમાઅતમાંથી તકરીબન **૭૦** ને કરીબ હુજ્જાજ આ રૂકને ખુસૂસીને અદા કરવા જાતા હોય છે, આ બધા માં ત્રણ કિસ્મના લોગો હોય છે : (૧) જે મુદ્દતે દરાઝથી દીદારે બયતુલ્લાહ વાસ્તે ઉમ્મીદ રાખતા હોય છે અને એની માલી ઈસ્તેતાઅત હાસિલ થઈ ગયા બાદ શુરૂથી અરકાનની એહમીયતનો ખયાલ હોય છે અને એના વાસ્તે અરસએ દરાઝથી દોઆની મનસક વસાવીને એનો મશ્કો મુતાલેઓ કરે છે, દોઆને પઢવાની પ્રેક્ટીસ કરે છે અને તમામ સામાન અને ઝરૂરી ચીઝોનો પહેલાથી બંદોબસ્ત કરે છે. (૨) બીજા લોગો એવા છે કે, જે વરસમાં હજ્જના ફોર્મ નીકલે છે તો બીજા કરાબતદારો-સગાઓ સાથે એ પણ હજ્જ પર જાવાનો કસ્દ કરે છે. એની લબ્બૈક બોલાય યા ન બોલાય એમાં એને કોઈ ફરક પડતો નથી અને જો ડ્રોમાં એનું નામ નીકલે છે તો તે વાસ્તે તૈયારી શુરૂ કરે છે અને સાહબે દાઅવતના સબકોમાં હાઝરી આપે છે. (૩) તીસરા કિસ્મના લોગો તેઓ છે કે જેઓ હજ્જે બયતુલ્લાહ કરવાનો એકાએક ઈરાદો કરે છે, જો એની ડ્રોમાં લબ્બૈક બોલાય તો ખૈર, નહીં તો કોઈ પણ ટ્રાવેલ એજન્સીની સાથે હજ્જ કરવા પહોંચી જાય છે.

આ આખિરી તબકો, આખિરી દિનો તક હજ્જે બયતુલ્લાહ ના ઝરીઆ બનાવવાને વાસ્તે ઈન્તેઝારમાં હોય છે અને હજ્જના અય્યામને ફક્ત ૧૫ દિન યા તે કરતા પણ કમ અરસો બાકી હોય છે અને જો કોઈ ટ્રાવેલમાં બંદોબસ્ત થઈ જાય છે તો શિતાબીથી સફરની તૈયારી શુરૂ કરી દે છે. આ થાય છે, ત્યારે સાહબે દાઅવત તરફથી અપાતા સબકની સિલસિલો ખત્મ થઈ ગયો હોય છે અને નતીજા એ આવે છે કે, આ લોગોને અરકાનની અદાયેગીની કોઈ સમઝ હોતી નથી. આ સમઝવાને વાસ્તે બાકી બચેલા દિવસોમાં તનતોડ મહેનત કરવાની એ દરકાર પણ રાખતા નથી અને કોઈ જાણકારી બગૈર હજ્જ પર રવાના થઈ જાય છે. હકીકતન, હજ્જે બયતુલ્લાહની તૈયારીઓ કરતા પહેલા મોહર્રમુલ હરામ મહીનો જાય કે તરત જ હજ્જની અદાયેગીની નિય્યત રાખનારે તેના અરકાનની પૈચીદગી, દોઆઓ, નિય્યતો તેમજ મુકદસ મકામાતોની તારીખી સમઝ સાહબે દાઅવત પાસેથી હાસિલ કરી લેવી જોઈએ. ૧૪૩૧ ના હિજરી વરસમાં હજ્જે બયતુલ્લાહના આઝેમીનને

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**જમન તો બધા જ જમે છે, મગર ઈસ્લામી અદબ મુજબ જમવું હકીકતમાં ઈન્સાનનું જમવાનું કહેવાય.**

*(પેજ નં. ૨નું બાકી)* ***ઈમામે હક્ક.....***

ખબર ન હતી. ઈમામે હક્કને કયા-કયા મૌકિફ અને મંઝિલ પર સફરે ઈરાક કરવા પર મજબૂર કરવામાં આવા એની તારીખથી આ બદ-ખયાલો નાવાકિફ છે. આ તમામથી ઉપર ઈમામ હુસૈન (અ.સ.) નું મૌકિફ, શરીઅતે મોહંમદીની હિફાઝત અને કલમએ શહાદતની બરકરારી હતી કે, જેના વાસ્તે આપના પર મુસીબતના ઘંટના ઘંટ ફીરી ગયા અને **આ દીનના તહફ્ફુઝને વાસ્તે ઇમામ હુસૈન (અ.સ.), આપના અહલે બૈત (અ.સ.) ના જવાનો અને અસ્હાબ રાહે હક્કમાં ફિદાઓ કુરબાન થયા.** હુર બિન યઝીદ રિયાહી જે વક્ત આકા હુસૈન ના મુકાબલા પર આવા તે વક્ત આપ મૌલાએ અસ્હાબને ખિતાબ કરીને ફરમાવું કે, અય મારા સાથીદારો ! **તમેં જે રસ્તા પર છે એ અઝીમ ઇમ્તેહાનની રાહ છે, એમાં રાહત અને ચૈન નથી પણ જાનો પર આફત છે અને આખેરતમાં એ જાનોને રાહત છે.** આપ અલ્લાહની હમ્દો સના પઢીને ખુત્બામાં ફરમાવે છે કે, અય મારા અન્સાર ! તમેં જોવ છો કે, હમારા પર કેવો વક્ત આવેલો છે કે, હમારા વાસ્તે દુનિયા બદલાઇ ગઇ છે અને તેના લોગો હમારાથી ઈન્કારનો દમ ભરે છે. તેઓએ માઅરૂફને પીઠ પાછલ નાખી દીધા છે અને આના પર તેઓ કાઈમ છે. યહાઁ તક કે, તેઓમાંથી હક્કના લોગો ફક્ત વાસનમાં બચેલા જમનની મિકદારમાં બાકી છે. બીજા હલકા લોગોની ઝિંદગી કડવા ઘાઁસ મુજબ છે. અય અસ્હાબ, તમેં નથી જોતા કે હક્ક પર અમલ નથી થાતો અને બાતિલને કોઈ છોડવા તૈયાર નથી. તો અય મારા અન્સાર, અલ્લાહતઆલાની મુલાકાત વાસ્તે રગબત રાખો અને હું જોઈ રહ્યો છું કે, તમારા વાસ્તે મૌત સઆદત સિવાય બીજું કઈ નથી અને આ ઝાલિમો વાસ્તે ઝિંદગી ખસારા-નુકસાન અને બદબખ્તી સિવાય કંઈ નથી. ★

---

*(પેજ નં. ૩નું બાકી)* ***હજ્જ કેવી ?.....***

**દાઅવતે હાદીયાહના મરકઝ** પર આવીને ઈઝહારે ખયાલ કરી પોતાનું નામ દરજ કરાવી લેવું જોઈએ જેથી હજ્જના અય્યામ પહેલા જ એને અરકાનની બારીકી અને નઝાકતની સમઝ આપી શકાય.

માઅલૂમ થાય કે, શરીઅતના બાઝ આઅમાલ એ ગૈબના ઈલ્મના ખઝાના છે અને આખેરતના ઊમૂર સઁવારવાની સઆદત છે અને આ તમામ આઅમાલ તેના મુકર્રરા વક્ત અને જગા પર બજા લાવવામાં ઈલ્મી ઈશારો એ છે કે, એના ઝાહિરી અમલ બાદ જ આદમી એની અકલની કુશાદગીથી તેની માઅરેફત કરી શકે છે. જો અગર કોઈ હાજી તેના માઅના-મકસદને જાણા બગૈર અમલ કરે તો એં હજ્જ તો અદા કીધી પણ તે એવા ઊંટની મિસિલ છે જે કોઈ સામાન બગૈર ફક્ત એના અઝીમ જુસ્સાને ઊઠાવનાર હોય યા મોટી કિશ્તીની મિસિલ જે મુસાફિરો બગૈર એક જગા પરથી નીકલી બીજા સાહિલ પર આવી હોય. લેહાઝા હજ્જના અરકાનનો અમલ કરનાર જો એના અમલની છાનબીન ન કરે અને એના ઈરાદાને હકીકતનો જામો ન પહેરાવે તો એની જાન-નફસ ભૂલભૂલામણીમાં ગિરફતાર થાય અને કેટલીક વક્ત એની હકીકતની ખબર ન થાવાના સબબ એ પોતાની જાનમાં **અરકાન વાસ્તે બદગુમાની અને શક-શુબેહ પૈદા કરે છે.** જે શખ્સ અરકાનની હકીકતો સમઝીને-જાણીને તેને અદા કરે છે અને અલ્લાહના શુક્રમાં તેમજ એના રસૂલ (સ.અ.વ.વ.) ના એહસાનમાં સજદો કરે છે, એ તે વાતના લીધે કે, એ જે માઅના જાણા તેથી આખેરતમાં એના દરજાત અને રૂત્બા ઝિયાદહ થયા અને આ સાથે સહી યકીન, સાબિત અકીદો, જાનની પાકીઝગી અને અકલની નેઅમતથી ભૂલભૂલામણી માં ફસાયેલી એની જાન છૂટી ગઇ અને એની રૂહને મઆદ-નજાત તરફનો ખૈર રસ્તો મીલી ગયો.

અલ્લાહતઆલા તમામ મુમેનીનને ઈસ્તેતાઅત વાલા કરે, હજ્જે બયતુલ્લાહથી મુશર્રફ કરે, હાજીના મુબારક લકબથી ખાસ કરે પણ સાથે હજ્જના મનાસિક-અરકાનને બરાબર સમઝે અને હજ્જથી આવીને એક સાચા હાજીની ઝિંદગી બસર કરે. ★

**જે વક્ત ઈન્સાન ગુઝરી જાય છે તો તેના અમલ મૌકૂફ (બંધ) થઈ જાય મગર ત્રણ અમલ ની જઝા એના સાથે રહે છે :- (૧) એની ઝિંદગીમાં કીધેલો સદકો**
**(૨) એં એના ઈલ્મની લોગોને તાઅલીમ આપી હોય પછી એ લોગોએ તેનાથી નફો હાસિલ કીધો.**
**(૩) નૈક અહલો અયાલ જેઓ એની મગફેરતની દોઆ કરે.**

**ગમ જેટલો ઝિયાદહ હશે એટલી જ અકલ તૈઝ હશે.**

# -::: અશરા મુબારકાના આઅમાલ :::-

✣ અલ્લાહતઆલાએ ૧૨ મહીનાઓમાં, ૪ મહીનાને હુરમતવાલા કીધેલા છે, જેમાં મોહર્રમુલ હરામ પણ શામિલ છે. પોતાના ફૈઝો કરમ અને ફઝલો એહસાન વાસ્તે આ અય્યામને મુકર્રર કીધેલા છે. મોહર્રમ નવા સાલનો પહેલો મહીનો છે, જેની તસ્બીહ **"ઇન્નમા અશ્કૂ બસ્સી વ હુઝની ઇલલ્લાહ વ આઅલમો મિનલ્લાહે મા લા તાઅલમૂન"** છે. આ આયતે શરીફાહનો મફહૂમ એ છે કે, અલ્લાહ તમામ ચીઝનું ઈલ્મ રાખે છે, મુમિનના હર રાઝને જાણે છે અને મુમિન પોતાના હમ-ગમ, રંજો અલમની શિકાયત પોતાના ખુદા સિવાય કોઈને કરતો નથી. આ મહીનામાં મુમેનીનને હર વક્ત આ તસ્બીહ પઢવી જોઈએ અને અલ્લાહને નઝદીક હાજિતરવાઈ વાસ્તે દોઆ કરવી જોઈએ.

✣ મોહર્રમની પહેલી રાતે મુમેનીન મસ્જિદમાં નમાઝ વાસ્તે જાય અને **"તસ્બીહુલ આઅઝમ"** ની નમાઝ પઢે. આ રાતે નવા હિજરી સાલની ઈબ્તેદા અપના બુઝુર્ગો વરસોથી અલ્લાહનો શુક્ર કરીને તેને બખ્શેલી તરહ-તરહની નેઅમતોને એક થાલમાં જમા કરીને કરે છે. તો, આ થાલ પર જેને **"માએદતો આલે મોહંમદ"** કહેવાય, ઘરના સઘલા અફરાદ નૂરાની લિબાસમાં પૂરા **અદબ અને તમીઝ** સાથે બેસે. પહેલે ઘરના બુઝુર્ગ નમક ચાખીને જમવાની ઈબ્તેદા કરે. લચકો, રોટલી, દૂધ, ખાંડ, સબઝી, ગોશ્ત, સૂકા-લીલા મેવા, મચ્છી, મધ, ખજૂર વગૈરા થાલમાં મુકે. મરેલી મચ્છી ન ખરીદે મગર બિસ્મિલ્લાહ બોલીને મારેલી મચ્છી જ જમે, તે જ હલાલ છે. માલી તાકત મુજબ જે ચીઝો થાલમાં મુકી શકતા હોય તે મુકે, તેમાં કોઈ કૈદો બંદિશ નથી.

✣ મોહર્રમની પહેલી તારીખે નવા સાલના ખુશમૌકા પર શાદીશુદા દીકરીઓ પોતાના માઁના ઘરે જાય છે અને સાલે નૌ ની નવી ખુશીઓ-ઉમ્મીદોને સાથે હમેશાની ખુશી-કામિયાબી પણ હાસિલ થાય તે વાસ્તે તદબીરો શુરૂ થઈ જાય છે. આ હમેશાની ખુશી તે આખેરતની કામિયાબી છે, જે ઈમામે મઝલૂમ મૌ.હુસૈન (અ.સ.) પર આહો બુકા કરીને હાસિલ થાય છે.

✣ મોહર્રમની બીજી તારીખથી અશરા મુબારકાની મજલિસોની ઈબ્તેદા થાય છે. આ દિનોમાં મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ના નવાસા, મૌ.અલી (અ.સ.) ના દિલના ચૈન, મૌ.ફાતેમા ઝહરા (અ.સ.) ના નૂરે ઐન, ઈમામ હુસૈન (અ.સ.) પર આફતો બલાના પહાડ તૂટી પડા. આપની રઝાથી કરબલામાં આપના બાવફા અસ્હાબ આપ પર ફિદા થઈ ગયા. આપે અલ્લાહના દીને કામિલની બકા વાસ્તે શહાદત ઈખ્તિયાર કીધી અને આખિરી સજદામાં મુમેનીનના હક્કમાં દોઆ ફરમાવી. **આ અય્યામ અઝાએ હુસૈનના છે.** બીજી તારીખે રોઝું રાખવામાં સવાબ છે. આ દિન મૌ.હુસૈન (અ.સ.) ના વસીલાથી મૌ.ઝકરીયાની દોઆ મુસ્તજાબ થઈ, અલ્લાહતઆલાએ એમને મૌ.યાહયા ફરઝંદ અતા કીધા. જે શખ્સ આ દિનનું રોઝું પૂરી નિય્યતે સાદેકાથી કરશે તો ઝરૂર અલ્લાહ એની દોઆનું ફલ અતા કરશે.

✣ બીજી તારીખથી દસમી તારીખ તક સૈયેદુશ શોહદા મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ની **"મજાલિસુલ વઅઝે વન નસીહત"** થાય છે, જેમાં આપના મસાઈબ અને આપની શહાદતની પુરદર્દ હકીકતો બયાન થાય છે. આ મજલિસો જાણે કે, જન્નતનો એક નમૂનો હોય છે જેમાં મુમેનીન પોતાના ઈમામે હક્ક અને અસ્હાબની ફિદાગીરીને યાદ કરીને ખૂબ માતમ અને બુકા કરે છે. ઈમામે હક્કના બયાન સાથે અંબિયાએ કિરામ, ઔસિયાએ એઝામ, અઈમ્મતે અબરાર અને દોઆતે અખ્યાર (અ.સ.) ના અખ્બાર પણ શામિલ હોય છે. મુમેનીન, સાહબે દાઅવતના પંદો નસીહતના કલામે બાઅસર સાથે આલે મોહંમદ (સ.અ.) ના ઊલૂમની બરકાતે કુદસાનીયાહથી પોતાની નફસોને રોશની બખ્શે. મજલિસે અઝાના વક્ત મુમેનીન પોતાના કારોબારને બંદ રાખે, દુનિયાના કોઈ કામમાં મસ્રૂફ ન રહે અને ફરઝંદોને સાથે લાવી ઝિક્રે હુસૈનથી બરકાત હાસિલ કરે.

✣ સૈ.ફખરૂદ્દીન સાહબે (આ.કુ.) અશરા મુબારકા વાસ્તે ખાસ કલામ તસ્નીફ ફરમાવેલા છે, **"ઇબ્ને ઝહરાની મઝલિસમાં આવો, ફિક્ર દુનિયાની દિલ સી ભુલાવો."** ઈમામે મઝલૂમ પર રોવું અને રોવડાવવું રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કલામે નબવીથી સાબિત છે. આપ ઈમામ પર રોવું પૂરૂં સાલ દિલ પર અસર છોડી જાય છે, પૂરા સાલ એનાથી બરકત મીલતી રહે છે, મુમેનીનના ઘરો આના ફૈઝથી આજે આબાદ-શાદ છે. મુમેનીન, મજલિસમાં ઝાકિરાને હુસૈનની ઝબાનથી સલામો, મરસીયા, નૌહા અને **"ખૈરૂલ અનામે મોહંમદુન"** ની બૈતે ખાસ ના કલામને પોતાના કાનો પર ધરે છે, પોતાના આકા હુસૈનના ગમને પોતાનો ગમ સમઝે છે. આ અય્યામમાં હુસૈન ઈમામનો હર શૈદાઈ આપની ઝિક્રમાં મસ્રૂફ હોય, મુમેનાત મુકેનાતની મજલિસે અઝા પણ મોહતરમા માઁ સાહેબાની હાઝિરીમાં બરપા થાય છે અને મુમેનાત, સૈયેદાતે હરમના મસાઈબ પર ખૂબ ગિરયઓ ઝારી કરે છે. મુમેનીન પોતાના ઘરની ફિઝાને દાઅવત તરફથી શાયેઅ થયેલા નૌહા અને મરસીયાના કલામથી બાબરકત બનાવે.

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**હર નેઅમતમાં અલ્લાહનો હક્ક છે, જે તેને અદા કરશે એ નેઅમતમાં વધારો થાશે.**

(પેજ નં. ૫નું બાકી) ***અશરા મુબારકાના આઅમાલ.....***

✣ આ અય્યામે મુબારકા દરમિયાન મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ના નામ પર સલવાતના જમનનો ઈન્તેઝામ થાય છે, જે અલાહેદા-અલાહેદા ઈલાકાના મુમેનીન કરે છે. આ તરીકાથી હક્કના મુમેનીનમાં ઈમામ આલી મકામના નામની કશિશના સબબ એક ઈત્તેહાદ ઉભરી આવે છે. નૌજવાનો પોતાના ઘર નઝદીક સબીલો બાંધીને મુમેનીન-મુમેનાત વાસ્તે ગુલાબનું પાની, શરબત, દૂધ અને શીરનીનો એહતેમામ કરે છે જેને સલવાતે આલે મોહંમદ પઢા સિવાય જમવું ન જોઈએ. **"સબીલે હુસૈન"** બાંધીને હમારા શબાબો હુસૂલે સવાબ વાસ્તે તદબીર તો કરે છે પણ આ સબીલ-રસ્તો હમને હમારા આકા હુસૈનની સીરતો સૂરત પર ચાલવાનો સબક આપે છે.

✣ આશુરાની રાત અજબ ઈમ્તેહાનની રાત છે. આકા હુસૈન આપના શફીક નાનાજી નબી સાહબ (સ.અ.વ.વ.) ની ઉમ્મતની મગફેરત ખાતિર અલ્લાહની રાહમાં ફિદા થઈ ગયા, આ શહાદતનું જામ નૌશ ફરમાવવા આપ બીજી મોહર્રમે કરબલા પહોંચા અને યઝીદી મલઊનોએ સાતમી તારીખે આપ અને આપના અહલે હરમ વાસ્તે પાની બંધ કીધું. નવમી તારીખે જંગનું એલાન થયું પણ આપ મૌલાએ એક રાતની મોહલત માંગી. આ રાત આશુરાની રાત છે, હમારા મૌલા સાથે બધા જ શોહદાએ **આ રાત અલ્લાહની ઇબાદતમાં અને ઉમ્મતના મુમેનીન-મુમેનાતની મગફેરત ચાહવામાં ગુઝારી.** મુમેનીન પર લાઈક છે કે, આ રાતે ઈમામ હુસૈન (અ.સ.) નો વસીલો લઈને અલ્લાહથી મગફેરત તલબ કરે. બલ્કે, ઈમ્કાન થાય તો નિસ્ફિલ્લૈલની નમાઝ સાથે જેટલી બીજી બે-બે રકાત પઢી શકાતી હોય તે પઢે અને આખિરમાં આકા હુસૈનની તવસ્સુલની બે રકાત નમાઝ પઢે.

✣ આશુરાનો દિન **"ઇદુલ હુઝને વલ બુકા"** છે, જે દિન હુસૈનના શીયાઓ આપના માતમ અને ગમના દરિયામાં ડૂબેલા હોય છે, **"યા હુસૈન"** ની પૂરદર્દ નિદા સિવાય ઝબાન પર બીજા કોઈ કલામ હોતા નથી. જહાઁ કહીં પણ હુસૈની શીઓ હોય છે, તે એક પ્યાસાની જેમ હુસૈની નહેરના મીઠા પાનીની બરકત પીવા મજલિસે હુસૈનમાં હાઝિર થઈ જાય છે. **આ આશુરાનો દિન કયામતનો દિન છે** કે, આખિરી રસૂલના પ્યારા નવાસા પર આપ નબીના ઉમ્મતના જ બેરહેમ અને નાપાક લોગોએ બેઈન્તેહા ઝુલ્મ કરીને પંજતનના આખિરી પાકીઝા દરખ્તને કાપી નાખું. શહાદતે હુસૈન પહેલા લોગો આ દિન રોઝું રાખતા હતા જેમાં અંબિયા-ઔલિયાની મુસીબતોને અલ્લાહે હુરમતે હુસૈનના સબબ રદ કીધી. પણ શહાદત બાદ આ દિન આકા હુસૈનને યાદ કરીને ભૂખા-પ્યાસા રહેવું ઝિયાદહ પસંદીદાહ છે જેને દોઆતે કિરામે **"લાંઘન"** કહેલું છે.

✣ **"લાંઘન"** તેને કહે છે કે, યૌમે આશુરાનું રોઝું કરવા કરતા આકા હુસૈનની ભૂખ-પ્યાસ અને મઝાલિમો મસાઈબને યાદ કરીને ભૂખા-પ્યાસા રહેવું. આમ નિય્યત કરવામાં ઝિયાદહ ફઝલો સવાબ છે કે, મારા આકાની આ દિન જેવી હાલત હતી તેમ હું પણ બધી જ આરામો ઈસ્તેરાહતની ચીઝોને મુકીને મારા મૌલાને પુરસો દેવા સબરને ઈખ્તિયાર કરૂં છું. શહરૂલ્લાહમાં જેમ રોઝા વાસ્તે સહેરી અને ઈફતાર થાય છે તે મુજબ લાંઘન વાસ્તે હુકમ છે અને જે વક્ત ઈફતાર કરે તો **"અલ્લાહુમ્મા યા મોઅતિયસ્સોઆલાત....."** ની દોઆ પઢે. આ દિન મુમેનીન ભાજી, નિયાઝનો હલવો અને મુખ્તલિફ કઠોલ માંથી બનેલો ખિચડો જમે છે.

✣ આ મુબારક યૌમે શહાદતે ઈમામ હુસૈન (અ.સ.) ની વાઅઝ ઈખ્તેતામ થયા બાદ હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) વસીલા મુબારકા લે છે અને તમામ ઔલિયાઉલ્લાહ ને યાદ ફરમાવીને બારગાહે સુબ્હાનીમાં મુમેનીન વાસ્તે ખૂબ દોઆ ફરમાવે છે. **સૈયેદુશ શોહદા આકા હુસૈન અને આપની દાઅવતના તમામ હુદૂદો-શોહદા પર સલવાતો સલામ પઢવું અને આપની દાઅવતના મુન્કિરો-મુખાલિફો પર લાઅનત બોલવું હર મુમિન પર વાજિબ છે.** દાઈયુલ્લાહ સાથે મુમેનીન આ દિન ખૂબ આહો બુકા કરીને માતમ કરે અને મગફેરતના તલબગાર થાય. ઝોહર-અસરની ઈમામતની નમાઝમાં શરીક થાય અને તવસ્સુલે ઈમામે મઝલૂમની બે રકાત નમાઝ ઝરૂરથી પઢે અને નમાઝ બાદ મજલિસે અઝામાં શરીક થાય, જે અશરા મુબારકાની આખિરી મજલિસ કહેવાય છે.

✣ આ દિન શીઅયાને હુસૈન વાસ્તે આખેરતનો તોશો અને ઝાદે તલબે જન્નત તૈયાર કરવાનો દિન છે. આપ મૌલાની શહાદત ની માઅરેફત હમારી આખેરતમાં કામિયાબી ની પહેલી સીડી છે, કેમકે આપ ખામિસે અહલે કિસા છે. **યૌમે આશુરા હમને આ કામિયાબી તરફ દાઅવત દે છે.** આ દાઅવતને લબ્બૈક કહીને જમાઅતનો હર મુમિન, મુમેના, ફરઝંદ, દુખ્તર, નૌનિહાલ અશરા મુબારકાની મજલિસમાં કોઈ બહાના બગૈર હાઝિર થાય. સ્કૂલ કે કોલેજ જાનાર બચ્ચાઓ આ દિન રઝા લે, દુનિયાના હર કામને છોડીને બુકાએ હુસૈનને દિલથી લગાવી જન્નતની ઝમાનત હાસિલ કરે. નાના બચ્ચાઓને સાથે લાવે, માતમ કરાવે, બીમારીમાં ગિરફતાર મુમિન પણ બિસ્તર પર માતમ કરે, જે સફરમાં હોય તે પણ માતમ કરે, હર હાલમાં આકા હુસૈનના ગમમાં મુમિન ખુદને મસરૂફ રાખે. ★

**બેશરમ બૈરોની સોહબત પૂરેપૂરી મુસીબત છે.**

ઝાકિરાને અહલે બૈત (અ.સ.) હુસૈની મુમેનીનની ખિદમતમાં પૈશ કરે છે અકીદતમંદીની એક નવી યાદગાર

## -::: ખઝીનતુલ હુઝને વલ બુકા :::-

## મશ્હૂર પુરદર્દ મરસીયાઓનો મજમૂઓ

અલ્લાહતઆલાની મશયત અને હિકમત છે કે, શીઅયાને સૈયેદુશ શોહદા મૌ.ઈમામ હુસૈન (અ.સ.) વાસ્તે ઈસ્લામી નવા વરસના પહેલા મહીના મોહર્રમુલ હરામની ઈબ્તેદા “અલમ” -આહોઝારીથી કીધેલી છે. **આ અલમ કે ગમ કઇ માઅમૂલી નથી પણ ઇમામે ઓમમની શહાદતનો ગમ છે જેનો તોહફો-અજર ખૂબ આઅલા છે.** યૌમે આશૂરા, જિન્ન, ઈન્સ, ચરિન્દ, પરિન્દ, દરખ્ત, પત્થર, આસ્માન, તારા વગૈરા હર ચીઝે આપના ગમમાં આઁસૂ જારી કીધા છે. અઈમ્મતે ફાતેમીયીન (અ.સ.) એ આ અમલનાક અને ગમનાક વાકેઆની પોતાની મજાલિસમાં અઝાદારોને દરમિયાન ઝિક્ર કીધી અને માતમો બુકા બરપા કીધું. તે વકતથી આજ તક ઈમામો બાદ દોઆતે અકરમીન (આ.કુ.), દાઅવતે અલવીયાહ ફાતેમીયાહના હરમના હુદૂદ તેમજ શોઅરાએ અરબી, ફારસી, ઉર્દૂ અને લિસાને દાઅવતમાં બેહિસાબ અને પુરગમ શેઅરગોઈ કીધી છે અને આકા હુસૈન (અ.સ.) ના જાઁનિસારોને ખૂનના આઁસૂ રોવડાવીને સૈલાબે બેકિનાર જારી કરાવેલા છે.

દાઅવતે હાદીયાહના ખઝાનામાં પણ સૈ. બદરૂદ્દીન હસન બિન વલી અને સૈ. ફખરૂદ્દીન જીવાભાઈ બિન સૈ.અમીરૂદ્દીન સાહબે (આ.કુ.) નૌહાખ્વાનીને વાસ્તે મરસીયા અને અબયાતનો ઈમ્તેયાઝી ઝખીરો તસ્નીફ ફરમાવો છે, જે ફિલહાલ દાઅવતની મજલિસોમાં પઢાય છે. આ સાથે દાઅવતની હર નાની-મોટી મેહફિલોમાં મસાઈબે ઈમામે મઝલૂમની ઝિક્ર મરસીયાખ્વાનીની સૂરતમાં પઢવાની રસમ સૈ.અમીરૂદ્દીન સાહબના ઝમાન-તકરીબન ૧૪૦ સાલથી જારી છે. **તે વક્તથી દાઅવતના મશાઇખ અને ઝાકેરીને બેલૌસ ખિદમત અંજામ આપી છે.** ખુદ હુઝૂરે પુરનૂરે (ત.ઉ.શ.) આપના આલમે શબાબમાં મરસીયાખ્વાની અને ઝાકેરીની લાજવાબ ખિદમત અંજામ આપી છે અને આજે પણ મુમેનીનની ઝબાન આપ મૌલાના આવાઝના ઈલ્હાન, તરન્નુમ અને તરઝો ઉસ્લૂબની તાઅરીફથી તર છે.

જમાઅતના મુમેનીન દાઅવતની નહેજ અને રસમના મરસીયાની મુખ્તલિફ તરઝો તરન્નુમથી મોહર્રમ યા બીજા અય્યામમાં ફૈઝ હાસિલ કરી શકે તે વાસ્તે સાહબે દાઅવતે ઈરાદો કીધો કે, જે મુજબ આને માકબ્લ મૌ.અલી (અ.સ.) ના કસાઈદ, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની અબયાત, નૌહાખ્વાનીના મુજમૂઆને CD ની શિક્લમાં શાયેઅ કીધા હતા, તે મુજબ જે **મશ્હૂર મરસીયા** વરસોથી એક નાદિર અને મુમ્તાઝ તરઝ પર પઢાતા હતા યા પઢાય છે તે મુમેનીનના કલ્બો ઝબાન પર મેહફૂઝ રહે, મુમેનીન હર ખુશી-ગમીના મૌકા પર આ માતમી કલામ સાંભલે તે વાસ્તે સાહબે દાઅવતે મરસીયાખ્વાની કરનાર સાહબોને તલબ કીધા. મજલિસોમાં રાઈજ મરસીયાઓનો એક બેમિસાલ મજમૂઓ **“ખઝીનતુલ હુઝને વલ બુકા”** તૈયાર કીધો. અલ્લાહતઆલા, આ મજમૂઆને તૈયાર કરવા પાછલ જે હમારો મકસદ છે તે બર લાવે, મૌલાના હુસૈન (અ.સ.) ના કલામની બરકાતથી દુનિયા અને આખેરતમાં મુમેનીનને હસનત અતા ફરમાવે અને બુકાઓ માતમના ફઝલથી હર કામમાં અઝાદારને ફતેહયાબી ઈનાયત કરે. મુમેનીનથી દિલી ગુઝારિશ છે કે, આ મજમૂઆને પોતાના ઘરોમાં ઝરૂરથી વસાવે અને નીચે આપેલા સરનામા પરથી CD ને જલ્દીથી હાસિલ કરે.

* આ મજમૂઆનો હદીયો : **૭૨/- રૂા.**
* મુકદ્દેમા સાથે તમામ મરસીયાઓના **ઇબ્તેદાઇ બંદ** કૌમી વેબસાઈટ www.alavibohra.org પર મુકવામાં આવા છે.
* **મરસીયાઓનું લિસ્ટ નીચે મુજબ છે :**

(૧) મુકદ્દેમા - ઈબ્તેદાઈ બયાન.

*(બકીયાહ પેજ નં. ૧૨ પર)*

**કનાઅત (સંતોષ) ઘણું મોટું મુલ્ક છે અને તેની બાદશાહત ઘણી મોટી ખુશનસીબી છે.**

## -::: નમાઝ : ઈઝને ઈલાહી અને અમલે હુસૈની :::-

સિબ્તે રસૂલ, કુર્રતો ઐને બતૂલ, ઈમામે મકતૂલ મૌલાના હુસૈન (અ.સ.) ની હયાતે પાકની ઈબ્તેદા આગૌશે રિસાલતમાં થઈ અને ઈન્તેહા આગૌશે શહાદતમાં થઈ, આ બેવે સૂરતો ઈબાદતમાં શુમાર થાય છે. બેશક, ઈબાદતને ઝિંદગી આપના ખૂનની કુરબાનીથી હાસિલ થઈ જેમ એક જિસ્મે બેજાનને ખૂનની હરારતથી ઝિંદગી મીલે છે. ઈબાદતના જિસ્મની રગોમાં આજે આલે મોહંમદ (સ.અ.) નું ખૂન રવાઁ છે. ઈમામ હુસૈન (અ.સ.) નો આખિરી સબક મુમેનીન વાસ્તે ઈબાદતથી ખૂશનૂદીએ રબ હાસિલ કરવાનો હતો, આપની આખિરી વસીયત હક્કને ઝાહિર કરવાની હતી. લોગો હક્કની ઉમ્મીદ રાખે છે, હક્કને તલાશ કરે છે, પણ આલે હુસૈન (અ.સ.) ની દાઅવતે હુસૈનીયાહમાં દાખિલ થાવા સિવાય એ લોગોને હક્ક કહાઁથી મીલી શકે !

મૌ.હુસૈન (અ.સ.) ના દાઈ આજે મુમેનીનને આપના આખિરી અમલની તાઅલીમ આપી રહ્યા છે, દાઅવતે તકવા દઈ રહ્યા છે, જેની બુનિયાદ પંજતને પાક (અ.સ.) ની મોહબ્બત અને પંજગાના (પાઁચ વકતની) નમાઝ-સલાત પર છે. **આ નમાઝ, જે અમલે હુસૈની અને ઇઝને ઇલાહી છે તેને અદા કરવું હર હુસૈની શીઆ પર ફરઝ છે.** અમલે હુસૈનની ઈકતેદા બગૈર, તેના પર ચાલા બગૈર ગમે હુસૈન (અ.સ.) બેમાઅના છે, બેમકસદ છે. દાઇએ હુસૈન બગૈર ઝિક્રે હુસૈનને સાંભલવું એવા સફર મુજબ છે કે જેની કોઇ મંઝિલ નથી. ઝિક્રે ઈમામ હુસૈન (અ.સ.) થી મુમેનીનની મંઝિલે મકસૂદ અને દાઅવતે ખાસ્સા ફકતને ફકત ઈબાદત જ છે.

અય પ્યારા મુમેનીન, જે વકત હમને કોઈ જમવાની દાઅવત આપે છે, તે વકત હમેં કઈ તરહ ખુશી-ખુશી દાઅવતને કુબૂલ કરીને જમવા જઈએ છીએ. આ તો કોઈ એક ભાઈ ઈઝન આપે છે જે હમારા જેવો એક ઈન્સાન છે અને હમેં દોડી-દોડીને, હમારો કામ-ધંધો છોડીને એ ડરથી જઈએ છીએ કે, જો જમવા નહીં જઈએ તો શાયદ એ ભાઈ હમારાથી રંજીદહ ન થઈ જાય, રિશ્તો-નાતો તોડી ન નાખે. એ ભાઈની ખુશીમાં શરીક થાવું હમારા વાસ્તે ખૂબ એહમીયત રાખે છે. તો, ચલો હવે વિચારીએ કે, પૂરી મખ્લૂકનો માલિક, કાએનાતનો ખાલિક હમને એની દાઅવતના ઝરીએ નમાઝ પઢવા વાસ્તે ઈઝન આપી રહ્યો છે. હમેં ગાફિલ થઈને, બેપરવાહ થઈને, બેખબર થઈને આટલા મોટા ઈઝનને ઠુકરાવી દઈએ છીએ. ખાકિલ-મખ્લૂક, માલિક-મમ્લૂકના રિશ્તાની હમને કોઈ પડેલી નથી. નમાઝના ઈઝન વાસ્તે અઝાન આવે છે તો હમેં બહાના-બાઝી કરીને આઁખ આડા કાન કરીએ છીએ. મૌ.હુસૈન (અ.સ.), **શાહે કરબલાના અમલને હમેં તર્ક કરીએ છીએ.**

અય ઈમાનદારો, ખુદાતઆલાના હમારા પર બેશુમાર એહસાનાત છે, એ હમારી ઈબાદતનો મોહતાજ નથી. હમેં તો શું, પૂરી મખ્લૂક એની ઈબાદતમાં મશ્ગૂલ રહે છે. આ તો હમારી ભલાઇ વાસ્તે, હમને રિઝકથી નવાઝવા, હમને આફતો બલાથી બચાવવા, હમને શયતાની હરકતોથી મેહફૂઝ રાખવા, દુનિયાઓ આખેરતની નૈકબખ્તી અતા કરવા, ખુદાતઆલાએ હમને એની પનાહમાં લેવા ઈબાદત કરવાની ખુસૂસી દાઅવત ફરમાવેલી છે. **હમને યાદ રાખવું જોઇએ કે, ખુદાતઆલાએ હમને ઇબાદત કરવાની મોહલત જ્યાં તક હમારી સઁાસની દોરી આ દુનિયામાં સલામત છે ત્યાં તક જ આપેલી છે.** આ હબ્લે હયાત-સઁાસની દોરી તૂટી, મૌત દરપૈશ થઈ અને જો હમેં આ ઈઝને ઈબાદતને ખુશી-ખુશી કુબૂલ ન કીધું તો પછી ખુદા નો વાઅદો સાચો છે, અઝાબ નું આવવું હક્ક છે અને મહેશરના દિનની રૂસવાઈથી બચવું મુશ્કિલ છે. ખુદાતઆલા હમને આપ મૌલા હુસૈન (અ.સ.) ની શફાઅત રૌઝે મહેશર નસીબ કરે. આમીન... ★

**સેંકડો લોગોની સેંકડો સોચ હોય છે,**
**તમેં તમારી સોચથી કામ લો અને અલ્લાહથી સજદામાં નૈક તૌફીક વાસ્તે દોઆ કરો.**

**દુનિયા, મુશ્કિલોનું ઘર છે, આ મુશ્કિલને અપની સમઝીને એના સામે બેખૌફ ઊભા રહેવું જ બહાદુરીનો એક નમૂનો છે.**

## -::: આકા હુસૈન (અ.સ.) કી હુજ્જત :::-

**જંગે અઝીમ ઇબ્તેદા કરને સે પેહલે મુખાલેફીન સે હમારે ઇમામ આલી મકામ મૌ.હુસૈન (અ.સ.) ને હુજ્જતે બલીગાહ ફરમાઇ :**

**મુખમ્મસ - હુજ્જતે ઇમામ હુસૈન (અ.સ.)**

શબ્બીરને ફરમાયા બૈઠા હું કસમ ખાકર,
શીરાઝએ બિદઅત કો રખ્ખુંગા મૈ બિખરાકર,
દમ લૂંગા નહી અબ તો હક્ક બાત કો સમઝાકર.
ગર દેના પડા સર તો દે દૂંગા મેં કટવાકર,
લેકિન ન કરૂંગા મૈં બૈઅત કભી ઘબરા કર.

ઈસ દીનકી અઝમત કો સમઝા હૈ પયંબર સે,
તાઅત કા સબક હરદમ પાતા રહા હૈદર સે,
ઈસ તરહ સજા હું મૈ ઈમાન કે ઝૈવર સે,
મૈ સિબ્તે પયંબર હું કહેતા હું યે સમઝાકર,
હક્ક પાઓગે દુનિયા મેં તુમ સાથ મેરા પાકર.

તુમને ભી પઢા કલ્મા, તુમ ભી તો મુસલમાં હો,
તુમ સાહબે ઈમાં હો, તુમ સાહબે ઈરફાં હો,
ફિર દીંકે ઉસૂલો સે કયૂં ઈતને ગુરૈઝાં હો,
તુમ આજ તો નાઝાં હો દુનિયા કા મઝા પા કર,
ક્યા મૂઁહ કો દિખાઓગે અલ્લાહ કો કલ જા કર.

ખાલિક કી ઈતાઅત કો તુમ ભૂલ ગયે કૈસે,
ઈસ્લામ કી અઝમત કો તુમ ભૂલ ગયે કૈસે,
નાના કી હિદાયત કો તુમ ભૂલ ગયે કૈસે,
તુમ કુછ ભી ન પાઓગે ઈસ્લામકો ઠુકરા કર,
મહેશર મેં મીલેગા ક્યા ફિર બાદ મેં પછતા કર.

યે ઝીસ્ત તુમ્હારી ક્યા દુનિયા હી કી ખાતિર હૈ,
દુનિયા કો ખરીદે જો બદબખ્ત વો તાજિર હૈ,
ઘાટે હી કા સૌદા હૈ યે બાત તો ઝાહિર હૈ,
ફિર કિસ લીયે બૈઠે હો જંજાલ કો લિપટાકર,
ઉકબા કા કરો સૌદા તુમ સાથ મેરા પા કર.

જો કુછ ભી મૈં કેહતા હું વો ઐન શરીઅત હૈ,
સમઝાઉં શરીઅત કો યે ફર્ઝે તરીકત હૈ,
કમઝોર નહીં હૂં મૈં યે દીન કી હુજ્જત હૈ.
તુમ મુઝકો ડરાતે હો શમશીર કો દિખલાકર,
યે ફન ભી દીખાઉંગા મૈદાન મેં , મૈં આકર.

શમશીર ચલાના તો એક ખેલ હમારા હૈ,
હૈદરને તો ઈસ ફન કો નસનસ મેં ઉતારા હૈ,
હમને ભી ઉસે અપની જુરઅત સે સંવારા હૈ,
મૈદાંસે ગુઝરતે હૈં હમ કેહર સા બરપા કર,
વાઅદા હૈ દિખાયેંગે મૈદાન મેં હમ આકર.

સમઝાયા શહે દીંને દુશ્મન કો યે હુજ્જત સે,
વો ફિર ભી ન સમઝે તો કી જંગ ભી જૂરઅત સે,
સૈરાબ હુવે આખિર ખૂદ જામે શહાદત સે,
યૂં દીન કી કિશ્તી કો તૂંફાં મેં ઘિરા પાકર,
કિશ્તી કો બચાલાયે હૈ તૂફાનસે ટકરાકર.


"અલવી" ને સૂનાઇ હૈ શબ્બીર કી યે હુજ્જત,
તૈયેબ ઝિયા મૌલાના ઈસ કૌમ કી હૈ ઝીનત,
ખાલિક કી અતા કરદા યે ભી તો હૈ એક નેઅમત,
ઈસ "નેઅમતે ઉઝમા" કો તૂઝસે અય ખૂદા પાકર,
સદ શુક્ર બજા લાએ સજદે મેં ન કયૂં જાકર. ★

## -::: Our Shining Stars :::-



**Alfiyah Aliakbar Kagdi** has been awarded the prestigious award in the category of 'Best Mother' on Parent's Day Celebration at Bharatiya Vidhya Bhavan School (Nadiad). She has proudly introduced herself of being Alavi Taiyebi Bohra and highlighted our parental ethics and morals. We appreciate her achivement with Alavi Spirit & Soul.

## -::: Our Shining Stars :::-



**Nuruddin Mulla Nadeali Chinwala**


He secured distinction with 75% of marks in the final exams of B.Pharm that was held at Al-Ameen College of Pharmacy, Bangalore affiliated with Rajiv Gandhi Uni. of Health Sci. Karnataka in August-2009. Its our sincere Dua that our Alavi Youth always get success & progress in academic arena. ★

**તમેં, તમારી ઉમ્મીદો સાથે આગલ વધતા રહો, અલ્લાહતઆલાને દીન બાબત અમલ કરવામાં આગલ વધનાર શખ્સ ખૂબ પસંદ છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....




**ઊભી તરકીબ :**

(૧) ઝાતે, ખુદ. (૨)

(૨) ૧૭ રજબ ૧૩૯૪ હિ. માં હુઝૂરે પુરનૂર (ત.ઉ.શ.) મસ્નદે તૈયેબી પર ------ થયા. (૩)

(૩) મૌ.અલી (અ.સ.) હમારા વાસ્તે મુશ્કિલકુશા, ----- રવાઁ, ઉકદાકુશા છે. (૩)

(૭) વુઝૂમાં માથાની મસાહ બાદ ---- ની મસાહ આવે છે. (૨)

**આડી તરકીબ :**


(૨) કુરઆને કરીમની કઈ સૂરતમાં "ફા" નથી. (૩)

(૪) જેમ ----- ચોપાયાને ચરાવે છે તેમ દાઈ મુમેનીનને હિદાયત દે છે. (૨)

(૫) સવાબ, ખૈર બદલો. (૨)

(૬) સાઈલને સદકો આપવું નાફેલત છે તો દાઈયુલ્લાહને ----- આપવું ફરઝ છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




**સહી જવાબો આપનાર :** અવાખલવાલા તરન્નુમ મકબૂલહુસૈન ★

## -::: ૯ સાલના શાનદાર ઈખ્તેતામ સાથે :::-
## -::: તરાનએ હાદી :::-

દીદઓ દિલ કા નૂર આયા હે,
જામે કૈફો સુરૂર આયા હે.
યાદ જિસ રોઝ દિલ સે કરતા હું,
" હાદી " ઉસ દિન ઝરૂર આયા હે.
ઉસકી ખાતિર હે ફર્શે રાહ આઁખે,
હાય કયા નખ્લે નૂર આયા હે.
કૈસી ઘર મેં યે રોશની ફૈલી,
શમ્એ " હાદી " કા નૂર આયા હે.
ઉસ સે હમ સીખતે હૈં ફેહમો તમીઝ,
અકલ આઈ શુઊર આયા હે.
હે અયાઁ આપ કી યે સૂરત સે,
" હાદી " પ્યારા ઝરૂર આયા હે. ★

**ઝિયાદહ અકલમંદ તે શખ્સ ને કહેવાય જે મૌતને વધારે યાદ કરે અને તેના આવવાની હર વકત તૈયારી કરતો રહે.**

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **ફખરૂદ્દીન ફિદાઅલી બગીચાવાલા**
સરનામું : સાત રસ્તા, મુંબઈ.
વફાતની તારીખ : ૭ ઝિલહજ્જ ૧૪૩૦, ૨૪/૧૧/૨૦૦૯.
ફોન : ૯૮૨૦૦૫૦૪૨૯. ★

નામ : **સફીયુદ્દીન ફિદાઅલી વોહરા** (C.A.)
સરનામું : તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા.
વફાતની તારીખ : ૨૦ ઝિલહજ્જ ૧૪૩૦, ૭/૧૨/૨૦૦૯.
ફોન : ૨૫૧૨૯૦૨. ★

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

નોંધ : જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**હર વકત ઈન્સાફથી પૈશ આવવું એ અલ્લાહને ઘણું પસંદ છે.**

-::: ઝાહેર ખબર :::-

**એમ. એમ. ગ્લાસ**
**(મોહસીન એસ. સુરતી)**
ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧
**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**
જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એક્સચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

**માસુમા બુટીક**
૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.
**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**
ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★


-::: Our Shining Stars :::-



**Farzana Nadeali Awakhalwala**



**Marziya Talibali Bhaisaheb**

Both of them appeared for Intermediate A (4th) level at the 2nd All Gujarat UCMAS Abacus & Mental Arithmetic Course Instructor's Competition-2009, held on 7/10/2009 at Zenith School, Vadodara. Marziya won merit prize while Farzana got 2nd Runner up prize. Keep it up and do well in future too. ★


-::: ઝાહેર ખબર :::-

**અલી ફોટોગ્રાફર્સ**
કોઈપણ પ્રકારના પ્રસંગ-ફંકસનની ફોટોગ્રાફી, ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડકટ ફોટોગ્રાફી, ફેમેલી અથવા ગ્રુપ ફોટો **ડીજીટલ** કેમેરાથી પાડી આપવામાં આવશે.
ઓર્ડર માટે કોન્ટેકટ કરો : **મોહંમદઅલી કાચવાલા**
એ-૨૦૫, "બૈતુન્નૂર" બોરસલી એપાર્ટમેન્ટ, તૈયેબી પાર્ક પાસે, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૦૪૪૭૦૪૯૮ ★

**અયમન હોઝીયરી**
**દરેક પ્રકારની બ્રા, પેન્ટી, સ્લીપ, ફેન્સી સેટ તથા લેડીઝ ઇનર વેર વ્યાજબી ભાવે મીલશે.**
*તરન્નુમ ઝહીર કાચવાલા*
વાડી, સ્વામીનારાયણ મંદિર પાછલ, પુરાવાલાની ચાલી સામે, રફાઈ મોહલ્લા, વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૩૦૨૪૩૩૯ મો.: ૯૦૧૬૪૨૦૩૬૧૦ ★

**....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**
અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....
**લકી કારપેટ સેન્ટર**
C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★





**થોડી પણ ગૈર-સુલૂકી યા નાઈન્સાફી ઈન્સાન વાસ્તે અલ્લાહની નારાઝગીનો સબબ બનાવી શકે છે**

*(પેજ નં. ૭નું બાકી)*

**ખઝીનતુલ હુઝને વલ બુકા.....**

(૨) હે નામે તૈયેબી સે યે ગુલસિતાઁ હમારા - તરાનએ તૈયેબી.
(૩) ગમે શબ્બીર દિલ સે મુજરઇ ઝાઇલ નહી હોતા - બ-આવાઝે ખુશ ઈલ્હાન હુઝૂરેઆલી (ત.ઉ.શ.)
(૪) શીઓ અઝા હે આજ તુમ્હારે રસૂલ કી - મૌ. મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.)
(૫) રો રો કે દિલ પુકારા હે મૌલા અલી મદદ - મૌ. અલીયુલ મુરતઝા (અ.સ.)
(૬) તસ્નીમે ખુલ્દ આલે પયમ્બર હે ફાતેમા - મૌ. ફાતેમા ઝહરા (અ.સ.)
(૭) મુશ્કિલ કુશા કી આઁખો કા તારા હસન હસન - મૌ. ઈમામ હસન (અ.સ.)
(૮) ઘર સે જબ બેહરે સફર સૈયેદે આલમ નિકલે - રવાનગીએ ઈમામ હુસૈન (અ.સ.)
(૯) જિસ વક્ત મદીને સે ચલા શાહે મદીના - મદીનાથી રૂખ્સત.
(૧૦) જબ દૌલતે શબ્બર પે ઝવાલ આ ગયા રન મેં - મૌ. કાસિમ (અ.સ.)
(૧૧) જબ કટ ગયે દરિયા પે અલમદાર કે બાઝુ - મૌ. અબ્બાસ (અ.સ.)
(૧૨) દૌલત કોઈ દનિયા મેં પિસર સે નહી બહેતર - મૌ. અલી અકબર (અ.સ.)
(૧૩) ઔલાદ કા કિસી કો ન દુનિયા મે દાગ હો - મૌ. અલી અકબર (અ.સ.)
(૧૪) અકબર અલીની લાશ ને લાવે હુસૈન છે - મૌ. અલી અકબર (અ.સ.)
(૧૫) અય મુમિનો હુસૈન પે મુશ્કિલ પડી હે આજ - મૌ. ઈમામ હુસૈન (અ.સ.)
(૧૬) અય મુમિનો હે પ્યાસ તો શેહ કી તુમ્હે માઅલૂમ - આશૂરા
(૧૭) સર પીટો મુમિનો કે બુકા કા મકામ હે - શહાદતે ઈમામ હુસૈન (અ.સ.)
(૧૮) પહોંચા દયારે શામ મે જબ સર ઈમામ કા - કાફલા દર દયારે શામ
(૧૯) લો મુમિનો હુસૈન કી આશિક ગુઝર ગઈ - મૌ. સકીના (અ.સ.)
(૨૦) ઝૈનબ કો ભી દુનિયા મે ન ભુલેગા ઝમાના - મૌ. ઝૈનબ (અ.સ.)
(૨૧) આફત મે જબ મસીહ ગિરફતાર હો ગયે - મૌ. ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.).

✻ આ મજમૂઆની CD હાસિલ કરવાની જગા :

➡ મુલ્લા ઈબ્રાહીમ બરોડાવાલા,
બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦,
૯૫૭૪૩૪૦૧૪૪ (અલીભાઈ).

➡ મુલ્લા સિરાજઅલી અત્તરવાલા,
નફીસ, મુંબઈ.
ફોન : ૯૯૭૬૬૬૯૩૦૬૬. ★

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
Mustakali Vohra
Insurance Consultant
Ph.: (0265) 2583316
(0265) 2021406
"આપ આપના કુટુંબની મુલ્યવાન સંપત્તી છો......માટે વિમો જરૂરી છે"
2nd Floor,
Umallawala's House,
Badri Mohalla,
Wadi, Vadodara.
Monarch art
Screen Printing • Offset Printing • DTP Job Work

**નોંધ : મિશ્કાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /– (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★